

June 2023 | Issue No. 43 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



# મર્યાદાઓને નહિ સંભાવનાઓને ઓળખીએ.. !

જયારે પ્રયાસોનું એક હકારાત્મક પરિણામ નજરની સામે જ મળે ત્યારે તે ખુશી અનહદ હોય છે. અને તે સફરના સાક્ષી તરીકે પ્રભાતે તો ચોક્કસ ઘણું શીખ્યું છે સાથે આ સફર અન્ય વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકને કઈ રીતે આત્મનિર્ભર તરફની દિશામાં લઇ જઈ શકાય છે તેની દિશા આપે છે. વાત કરી રહ્યા છીએ ફુઝૈલની. ખાનગી શાળામાંથી મળેલ જાકારો બાદ એક 'ઉમ્મીદ ' સાથે 'પ્રભાત'માં જોડાયો. તે intellectual disability બાળક હોવાથી ચોક્કસ તેના માટે અનેક મર્યાદાઓ હતી પણ તેને બદલે 'સંભાવનાઓ' શું છે તેને જોઇને તેની 'ઉમ્મીદની સફર ' પ્રભાતે શરુ કરી ત્યારે તે સાતેક વર્ષનો હશે જે આજે બાવીશ વર્ષનો થયો છે અને તેને આપણે અર્થોપાજન માટે કામ કરવાની દિશામાં જોઈ શકીએ છીએ. આત્મનિર્ભર બનવા તરફની તેની આ સફર ચોક્કસ પ્રભાત માટે તો ઉર્જા આપનાર રહી છે સાથે ' સ્પેશીયલ બાળક' ના પરિવાર માટે પણ આશા આપનાર છે.

શરૂઆતમાં વિવિધ માધ્યમો દ્વારા ફુઝૈલ જાતે પોતાના કામ કરી શકે તેની તાલીમ સાથે શિક્ષણ તેને આપવામાં આવતું. તે પોતાની આસપાસની દુનિયાને સમજી શકે, તેની સામે ' રિસ્પોન્સ' આપી શકે તે રીતે તેને તૈયાર કરવામાં આવતું હતું . પોતાની જાતે કામ કરી શકે ત્યારથી લઈને તેને વ્યાવહારિક રીતે ઘડતર નું કામ પણ અહી કરવામાં આવતું. તેની માતા કહે છે કે, " જો કુછ ભી હૈ આજ મેરા બચ્ચા પ્રભાત વાલો કી વજહ સે હૈ. હર ચીઝ કા અનુભવ દિયા હૈ પ્રભાત વાલોને, માં કી તરફ ધ્યાન રખા હૈ પ્રભાત વાલો ને. "

તેનું સાઈકોલોજીકલ ટેસ્ટ થતું અને તેને આધારે તેનું વાર્ષિક 'ગોલ' નક્કી કરવામાં આવતો. જેને વિભાજીત કરવામાં આવતું. અહી speech , comunication, academic learning વગેરે પર તેની તાલીમ કરવામાં આવતી. સમયાંતરે તેનામાં વિકાસ નોંધાતો ગયો અને નિશ્ચિત કરેલ ગોલને તે ' પાર' કરતો રહ્યો. આની સાથે પરિવાર દ્વારા પણ તેની યોગ્ય તાલીમ થાય તે માટે તેમની સાથે સમયાંતરે પરામર્શ કરવામાં આવતું. સાથે મીટીંગ અને તાલીમ પણ થતી.

ફુઝૈલને લઈને જે લક્ષ્યાંકો નક્કી થતા તેમાં પરિવારની ભૂમિકા પણ ખાસ રહેતી. આ બધામાં તેની માતા ખુબ જ 'સક્રિય ' હતા. જયારે ખાનગી શાળામાંથી તેનું 'નામ ' નીકળી ગયું હતું ત્યારે પણ તેની માતાએ ' ઉમ્મીદ ' નતી છોડી. પોતાના બાળકને એ રીતે તૈયાર કરવું કે જેથી તે અન્ય પર આધારિત ન રહે તે માટે તે બધું જ કરવા તૈયાર હતા. તેમની આ તૈયારીએ પણ ફુઝૈલની વિકાસની ગતિને ઝડપી બનાવી છે.

સમય જતા ફુઝૈલને વ્યવસાયિક તાલીમ આપવામાં આવી. જેથી તે ભવિષ્યમાં કોઈ અર્થોપાજન માટે તૈયાર થઇ શકે. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકના વિકાસના પગથિયામાં વ્યવસાયિક તાલીમ એક મહત્વનો પડાવ હોય છે. અહી થી બાળક એક નવી દુનિયામાં પગ મુકે છે આ દરમિયાન પ્રભાત તરફથી તેને ચોક્કસ કુશળતા, વ્યવહાર ને જ્ઞાન આપવામાં આવે છે. જે તે વ્યવસાય સંબંધિત અને વ્યક્તિગત કુશળતાને લઈને તાલીમ આપવામાં આવે છે.

આ બાબતે તેના મમ્મીએ કહ્યું કે, " મુજે થા કી ,મેરા બેટા સબ કુછ કર લેગા .મુજે વિશ્વાસ થા. ટ્રેનીંગ દે કે પૈરો પર ખડા કરને કી યે લોગ (પ્રભાત) કોશિશ કર રહે હૈ તો હમ તો માં બાપ હૈ . હમે ભી કરના ચાહિયે ". ફુઝૈલના પિતા પર્સ બનાવવાના કારખાનામાં કામ કરે છે જેમાં તે અન્ય લોકોને આ કામ શીખવે છે. તેથી તેમના પત્નીએ કહ્યું કે, દુસરો કો શીખાતે હો તો મેરે છોકરે કો ભી શિખાઓ ".. શરૂઆત માં તેના પિતા ને લાગ્યું કે ,આ કઈ રીતે થાય ? તેમને ઘણા સવાલો હતા, મનમાં શંકા હતી કે શું ફુઝૈલ શીખી શકશે ? પરંતુ જે માતાના હકારાત્મક વિચારને પરિણામે દબાણને લીધે તેઓ તેને સાથે કામ માટે લઇ ગયા.

પહેલા તેને પેકેજીંગનું કામ કરાવવાનું નક્કી કર્યું. પરંતુ તે કામ માટે તાલમેલ ન બેસી શક્યો તેથી પર્સની થપ્પી કરાવવાનું કામ શરુ કરાવ્યું .બે વ્યક્તિઓને સામે સામે આ કાર્ય કરવાનું હોય છે તેના પપ્પાની સામે ફુઝૈલ કામ કરવા લાગ્યો .ટૂંક સમયમાં તેને એ કામ ફાવી ગયું .આગળ વધતા તેણે પિતા પાસેથી કાતરથી કઈ રીતે કટિંગ કરવું તે પણ શીખી ગયો. તેના પિતા કહે છે કે ,પહેલા જે કામ કરતા તેને કલાક થતી હતી હવે તે 15-20 મિનીટમાં કરી લે છે. કટિંગમાં મને તો મદદ કરે છે સાથે બીજા કારીગરોને પણ તે મદદ માટે જાય છે .તેને આ કામમાં 9 થી 10 મહિના થઇ ગયા છે. ફુઝૈલ તો ખુશ છે સાથે તેનું પરિવારને સંતોષ છે કે, ફુઝૈલ કોઇ પર આધારિત નહિ રહે. પોતાના માટે તો કરી જ શકશે એવો આત્મવિશ્વાસ હવે પરિવારને આવી ગયો છે.

સંસ્થા એક ડગલું જયારે ભરે ત્યારે સામે ચાલીને પરિવાર પણ એ જ વિશ્વાસ રાખીને આગળ ચાલે તો ચોક્કસ અપેક્ષિત પરિણામ સુધી પહોચી શકાય છે. અહી, ફુઝૈલનાં કિસ્સામાં તેની માતાની ભૂમિકા અસરકારક રહી છે. સાથે પિતાએ પણ ધૈર્ય અને હકારાત્મકતાથી પોતાના બાળકને તાલીમ આપી. ફુઝૈલની આ 'ઉમ્મીદની સફરના દરેક સાથીઓને અભિનંદન.





# મંથલી અપડેટ

## મુખ્ય ધારાના શૈક્ષણિક માળખાઓમાં સમાવેશીકરણ :

પ્રભાત આંગણવાડી અને શાળામાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોની પ્રવેશ પ્રક્રિયા માટે સતત ચાલતી પ્રકિયા છે. શૈક્ષણિક વર્ષનું આરંભ હોવાથી આંગણવાડી અને શાળામાં પ્રવેશ માટેની પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી એડમીશન : 4 કરાવવામાં આવ્યું હતું.

17 બાળકોના શાળા માટેના પ્રવેશની ફાઇલ સબમીટ જે તે નજીકની શાળામાં કરાવવામાં આવી છે. આવનાર મહિનામાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, બાળકોનું પ્રવેશ થશે. કેટલા બાળકોનું આમાં પ્રવેશ થઇ શકશે તે માટે પ્રભાત આતુરતાથી રાહ જોઇ રહ્યું છે.

## નેટવર્કિંગ :

- પ્રભાત વધારે લોકો સુધી પહોંચી શકે તે દિશામાં હમેશા નવી સંસ્થા, નેટવર્ક અથવા વ્યક્તિગત સ્તરે નેટવર્કિંગ કરે છે. જેના ભાગ રૂપે 'નયી દિશા' સાથે જોડાણ કર્યું છે. આ એક એવી સંસ્થા છે, જે એવા પરિવારો કે જે બૌધિક અને વિકાસલક્ષી વિકલાંગતાઓ જેમ કે, ડાઉન સિન્ડ્રોમ, ઓટીઝમ વગેરેથી પ્રભાવિત છે. તેમને માહિતી અને માર્ગદર્શનના માધ્યમથી એક 'મિત્ર 'તરીકે ટેકો કરીને તેમના જીવનમાં આશાની કિરણ સ્વરૂપે સહાયતા કરે છે. અહી જે તે પરિવાર નિષ્ણાંત અને સંસ્થા સાથે મજબુત નેટવર્ક સાથે જોડાઇ શકે છે. પ્રભાત પણ આ 'ઇકોસીસ્ટમ'નું ભાગ હવે બન્યું છે. પરિણામે પ્રભાત પોતાની નિષ્ણાંતતા અને અનુભવ જરૂરિયાત ધરાવતા વધારે ને વધારે વ્યક્તિ અને પરિવારો સુધી પહોચાડી શકશે. વધુ માહિતી માટે : https://nayi-disha.org/

- આગળ આપની સાથે શેયર કરવામાં આવ્યું હતું કે, Miami Univercity અને Anant National University પ્રભાત સંસ્થાની વિચારધારા અને વિઝન વધુને વધુ લોકો સુધી પહોચે અને આ સમાવેશી અભિગમમાં વધુને વધુ લોકો જોડાય તે સાહિત્ય બનાવવમાં આવશે. જેના ભાગરૂપે અનંત યુનિવર્સીટીના વિદ્યાર્થીઓએ પ્રભાત સંસ્થાના કાર્યક્ષેત્રની મુલાકાત કરી અને બાળકોના પરિવારોને મળીને વિડીયોગ્રાફી કરેલ છે. આ સાથે પ્રભાતના કાયર્કરોનું પણ અનુભવોને કેપ્ચર કરવામાં આવ્યા છે. ટૂંક સમયમાં તે એક ફિલ્મ સ્વરૂપે આપણી સમક્ષ આવશે જેની આતુરતાથી રાહ જોઇ રહ્યા છીએ.

**આત્મનિર્ભરતા માટેની સફરમાં એક વધુ 'સહભાગી 'કંપનીનું જોડાણ :** વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિઓને આત્મનિર્ભર બનાવવાની સફરમાં પ્રભાત વિવિધ કંપનીઓ, વ્યક્તિઓ સાથે સંવાદ કરીને આ સફરમાં સહભાગી બનાવવાનું એક અભિયાન ચાલી રહ્યું છે. જેમાં પ્રયાસો થતા હકારાત્મક પરિણામ મળતા આનંદ ની લાગણી સાથે આગળ વધારે ઉર્જા સાથે પ્રયાસો માટે બળ મળે છે. એવું જ J B Fragrances & Flavours સાથેનું જોડાણનું રહ્યું. તેમની સાથે સંવાદ થતા સંવેદનશીલ વાતાવરની સાથે તેમની ક્ષમતા મુજબ તેમને કામ આપવાની તૈયારી દર્શાવવામાં આવી. સાથે તેમની મોબીલીટી અને પ્રાથમિક જરૂરિયાતોને પણ ધ્યાનમાં રાખીને સુવિધા આપવામાં આવશે.અને લેબર લો સંબંધિત દરેક નિયમોને આધીન રાખવામાં આવશે. આ સંદર્ભે પ્રથમ તબક્કામાં ચોક્કસ વ્યક્તિઓની તાલીમ પણ કરવામાં આવી.

**સરકારી માળખા અને અન્ય ખાનગી શાળા સાથેના અસરકારક જોડાણનું ઉદાહરણ :** પ્રભાત સમયાંતરે સરકારી માળખાઓ સાથે સતત સંકલનમાં રહે છે અને તેથી જ તેઓ મહત્વના હિતધારક બની રહ્યા છે. આ મહીને એક ખાનગી શાળા, Composite Regional Centre (CRC) ઓઢવ અને આંગણવાડીના માધ્યમથી ત્રણ બાળકો કાંકરિયા શાળા નં. 8 ના રિસોર્સ રૂમનો સંપર્ક કરેલ છે. હાલ તેમને obsarvation period માં મુકવામાં આવેલ છે. તેમની વિકલાંગતા અને સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.ત્યારબાદ, તે પ્રવેશ કે અન્ય પ્રક્રિયા શી રહેશે તે નિર્ધારિત કરવામાં આવશે. આ પ્રકારના જોડાણ સમુદાય આધારિત સંસ્થા માટે કેટલા જરૂરી છે તે નિશ્ચિત થાય છે.

## વાલી મીટીંગ

- દર મહીને થતી વાલી સાથેનીની 'પરામર્શ ' પ્રક્રિયા પ્રભાત ટીમ અને વાલી સાથે એક મજબુત બનવા 'સંબંધ' માટેનું અસરકારક માધ્યમ બની રહ્યું છે. વટવાના સેન્ટરમાં આ મહીને બાળકોના ડોક્યુમેન્ટેશન ,સ્વચ્છતા ,નિયમિતતા અને પ્રોગ્રેસ રીપોર્ટ શેયર કરવા જેવા મુદાઓને આવરી લઇને કરવામાં આવી હતી .
- બેરલ માર્કેટમાં નવા સત્રની શરૂઆત હોવાથી આવનાર વર્ષમાં વાલી અને પ્રભાત કઇ રીતે સાથે મળીને બાળકના વિકાસની સફરના સહભાગી બનશે અને એમાં પોતાની અસરકારક ભૂમિકા ભજવશે તે વાત કર્યા બાદ, સરકારી યોજનાઓ વિષે માહિતી આપવમાં આવી. ઉપરાંત, સિવિલ સર્ટીફીકેટ, આધાર કાર્ડ જેવા જરૂરિયાત, ફાયદા અને તેને કઇ રીતે મેળવી શકાય છે તેની પ્રક્રિયાનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

**યોગ દિવસ :** વિવિધ પ્રવૃતિઓ ,વિશેષ ઉજવણીના માધ્યમથી બાળકોની સાથે હમેશા સેન્ટર પર એક 'જીવંતતા' પ્રભાત બનાવી રાખે છે. 21 જુનના "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ની પ્રભાતના બાળકો સાથે ઉજવણી કરવામાં આવી હતી. યોગ માનસિક અને શારીરિક સ્વસ્થતા માટેનું એક માધ્યમ છે. જે ચોક્કસ વિશિષ્ટ બાળકોને પણ ઉપયોગી બનશે. બાળકોમાં હકારાત્મક ઉર્જાનો સંચાર થયું હતું.

**ઇન્ટર્નશીપ/ વોલીએન્ટરીંગ:** આ મહિને NMIMS (Narsee Monjee Institute of Management Studies) નો એક વિધાર્થી એક મહિના માટે પ્રભાત સાથે વોલીએન્ટરીંગ માટે જોડાયેલ છે. આ અન્વયે તેની સાથે પ્રભાતનું ઓરીએન્ટેશન કરવામાં આવ્યું છે. અને હવે તે વર્ગમાં સ્પેશીયલ એજ્યુકેટર સાથે રહી ક્લાસમાં પ્રવૃતિમાં સાથે જોડાયેલ છે.

**સહાયક સેવાઓ :** સિવિલ સર્ટીફીકેટ : 12,

રેલ્વે પાસ : ૧૪ ઓનલાઈન ફોર્મ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસ : 5 ઓનલાઈન ફોર્મ,

પેન્શન યોજના : 07 ઓનલાઈન ફોર્મ સાધન સહાય યોજના : 60 ફોર્મ

સાધન સહાય વિતરણ : 2 (દૂધ, દહીં બનાવટ અંગેની કીટ)

# ફોટો ગેલરી













**Prabhat Education Foundation**
325,Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org